કલ્યાણ વિરહ.

હેઠ શીવ દવે પાસે.

રચાવી પ્રગટ કરનાર.

બાવાજી ત્ર્યંબકદાસજી યમુનાદાસજી ભંડારી.

પાળીયાદ.



અમદાવાદ.
બાબાના હવેલીમાં યુનાઈટેડ પ્રિન્ટીંગ અને જ-
નરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૫—સન ૧૮૮૯.

કિંમત ૨ આના ટપાલખર્ચ જુદું.

अर्पण पत्रिका.

શ્રીમત અખંડ પ્રતાપી મહારાજ શ્રી

દાદાભાઈ ઉનડજી   પાળીયાદ.

આપનો કલ્યાણદાસપર અત્યંત પ્રેમ હતો. તેના
સ્વર્ગવાસ થવા પછી પણ તેનું નામ અમર
કરવા મને આકાંક્ષા બતાવી, જેથી
આ લઘુ પુસ્તક રચાવી આ-
પના ચર્ણાર્વિંદમાં આ
ભેટ ધરૂંછું.

હું

આપનો સદાનો તાબેદાર.

વ્યંકટદાસજી યમુનાદાસજી.

૪૧૨૪

કલ્યાણ વિરહ.

ગીતી.

સંવત ઓગણીસેંને, પચીસમાંહી શ્રાવણમાં જન્મ્યો;
શુક્લપક્ષમાં ચારૂ, પાંચ વર્ષમાં ખેલેખેલ રમ્યો. ૧
માતૃભાપ ભણવાને, સપ્ત વર્ષે ગાળ્યાં'તાં નિશાળે;
આસીસ્ટંટ પદ્દવીને, ઇશ કૃપાથી મેળવી તે કાળે. ૨
અષ્ટાદશની ઉમરે, વર્ગ ઇંગ્લીશ આંહી ઉઘડીઓ;
વર્ષ બેયની માંહે, સ્ટાન્ડર્ડ ત્રીજામાંહે તે પડીગો. ૩
માત શીતળા કોપ્યાં, દશમે દન લીધો દુષ્ટી કાળે;
વીશ વરસની વયમાં, ખરીઓ ખીલેલ ગુલાબ કૂટાણે. ૪
જેનો ખપ સંસારે, તેનો ત્રિલોકમાં તેવો લેખ્યો!
રત્ન ગયું હાથેથી! હાય હાય ભવ જૂઠો આ દેખ્યો!! ૫

આ પુસ્તક બહાર પાડવામાં બાઈ શ્રી વાલબાઈ તથા દાદાભાઈ તથા કલ્યાણદાસના મામા ત્રીકમદાસજી તથા મે. દરબારસાહેબ લાખાભાઈ રામખાચર તથા મિ. પ્રાણજીવન વીગેરે ઇંગ્રેજી સ્કોલરોએ આશરો આપ્યો છે તેમનો હું ઉપકાર માનુંછું સદ્ગૃહસ્થ વાંચનારા ભુલ ચુક માફ કરશો.

લી. જ્યં. પ.

કલ્યાણદાસ પોતાની મરણ પથારીમાં ઇશ્વરસ્તુતિ, માબાપ ને મિત્રો તરફ ને હિતેચ્છુ પ્રત્યે માફી માગેછે. ભાગ પેહેલામાં આવશે.

(પરમેશ્વર સત્ય છે.)

ઇશ્વર સ્તુતિ.

ત્રિભંગી.

પ્રભુ તુજ ગતિ ન્યારી, આ સંસારી, સરજી નારી, નરન્યારા,
કવિયો મતિ હારી, જાઉં બલિહારી, તુજ મતિ મારી, હરનારા;
પૃથ્વી ગ્રહ તારા, હે પ્રભુ મારા, સૂરજ સારા, સરજનારા,
ભવપાર ઉતાર્યા, દુઃખ દળનારા, તારા ધારા, બહુ સારા. ૧
રતુ નિયમો કીધા, જે બહુ સીધા, બહુ જશ લીધા, હે દેવા,
મેવા ફળ ફૂલો, હોય ન ભૂલો, પ્રભુ તું અમુલો, કરૂં સેવા;
શીત ગરમી કરવા, પવન પ્રસરવા, જગસુખ ભરવા, કાર્ય કર્યાં;
જનનાં હિત કીધાં, દુઃખડાં પીધાં, સુખડાં દીધાં, અખૂટ ભર્યાં. ૨
નમું હું દેવ તુજને, તારો મુજને, ગ્રહી મુજ ભુજને, અરજ કરૂં
શરણાંગત આવું, ભજન જમાવું, તુજ મન ભાવું, હામ હરૂં;
આ કૃત્ય આદરવા, હિમત ધરવા, યશ વિસ્તરવા, ભજન કરૂં,
સારી મતી આપો, કષ્ટો કાપો, સેવક થાપો, જગત તરૂં. ૩

ગીતી.

ભવભય ભમતું ચિતડું, ચરિત્ર પારાવાર પ્રભુ જોઈ;
ખોઈ મતિ મેં મારી, મોહન મોહ ન મટયો દિવસ કોઈ. ૧
માત પિતાને ભગિની, ભ્રાત, મિત્ર, વધુ, સગાં સહુ જગમાં;
પ્રેમજાળ બંધાઈ, તુરત તોડતાં તાપ તપે તનમાં. ૨

શાર્દુલવિક્રિડીત છંદ.

સુંધો સજ્જને જતાં જગતથી, દાઝે અતી ચીત્તમાં,
ખેલ રચ્યો પ્રભૂ અવનીમાં, શું જાણું હું રીતમાં;

માતા તાત તજી સુપુત્ર વિચરે, પામું અતી ખેદ હું,
એવો શું અવની પતી જગતમાં, રાખે નહીં ભેદ તું. ૧

(કલ્યાણદાસ પોતાની માતાને દિલાસો દઇને માફી માગેછે.)

લલિત.

પરમ પ્રીત મા-તા તમે ધરી, દુઃખ સહીકરી, સેવ ચાકરી;
જરૂર દુઃખ ઝા-ઝાં સહ્યાં હશે, અરર એ ગુણો, મેં નહીં થશે. ૧
લઘુવયે દુઃખો, મેં દીધાં હશે; સરવ તેં સહ્યાં, માત શું થશે;
અવર તું વિના, કોણ પાળ તે; અરર એ ગુણો, મેં નહીં થશે. ૨
સુખી કરી નહિ, માત મેં તને: દુઃખ કર્યું હશે, શું કહું મને;
શિતળ છાતીમાં, કોણ ચાંપશે; અરર એ ગુણો, મેં નહિ થશે. ૩
દુઃખ નિહાળીને, માહરૂં ખરે; દુઃખ થતું હશે, મા તને ખરે;
દીલ દઝ્યા થકી, દેહ આ જશે, અરર એ ગુણો, મેં નહિ થશે. ૪
પરમ પાપછે, દેહપાતથી; સમજ રાખજો, એહ વાતથી;
મરણ કોઇને, કેમ મૂકશે; અરર એ ગુણો, મેં નહિ થશે. ૫
જઇશ હું અને, સર્વ જાયછે; સમજ એક એ, કે જવાયછે;
નર ગયા બહુ, કેક તો જશે; અરર એ ગુણો, મેં નહિ થશે. ૬
નહિં રહે અહીં, કોઇ વિશ્વમાં; બહુ ભલે થતી, હો ઘણી ખમા;
પ્રભુ ભજ્યા હશે, સૂખ પામશે; અરર એ ગુણો, મેં નહિ થશે. ૭
ફરી ફરી કહું, માત આ સમે; દુઃખ લગાડીને, દેહ શું દમે;
મુજ મહીં બહુ, ભુલ થૈ હશે; અરર એ ગુણો, મેં નહીં થશે. ૮
નમન હું કરૂં, માફી આપજો; અવગુણો બધા, નીર નાંખજો
વિનતી માત કલ્યાણ સૂણજો; હરિ મહીં હવે, ચિત્ત રાખજો

માલિની.

કહું કહું કહું માતા, શ્રેષ્ટ ગુણો તમારા,
ચહું ચહું ચહું ચિત્તે, થાપ કલ્યાણ ક્યારા;
કરી કરી કરી સેવા ચાકરી માત તેંતો,
ભરી ભરી ભરી દેવા, પૂર્વે જન્મેજ મેંતો. ૧

કલ્યાણદાસ પોતાના પિતા પ્રત્યે બોલેછે.

સલામ સૌને હાલ સાહેબો, સલામ સૌને હાલ. એ ઢાળ.
પીતા ન કરશો શોક, માહરા પીતા ન કરશો શોક.
જાયું તે નિશ્ચય જાવાનું, જગત સર્વ છે ફોક. માહરા. ૧
ગયા કૈક હું જાણું અને વળી, જશે સર્વ જગ લોક. માહરા. ૨
માત મા'રીને ધીરજ દેજો, વૃથા ન કરશો શોક. માહરા. ૩
ઈશ્વર આપી ઈશ્વર લેશે, કોને ન દેશો દોષ. માહરા. ૪
આજ સૂધી સબંધ હતો આ, હવે થયો પર લોક. માહરા. ૫
પીતા કોણને કોણ માતછે, ભ્રાત ભગિની કોણ. માહરા. ૬
એક પછી દીવશ દશ જાતાં, માસ છ માસ ન શોક. માહરા. ૭
શરિર હવે આ અહિંઆં રહેશે, ગયો કહેશે લોક. માહરા. ૮
આ જગથી હું તૃપ્ત થયોછું, હવે રહ્યો નહિ શોખ. માહરા. ૯
ગયો ગણો કલ્યાણ તમારો, હવે શું કરવો શોક. માહરા. ૧૦
માત પિતા સેવા ન કરીમેં, રહ્યો માત્ર એ શોક. માહરા. ૧૧
આંખ માંહે આંસુ નવ લાવો, હવે ધરો રહુ લોક. માહરા. ૧૨
દીલગીર દેખી દીલ દાઝેછે, પિતા ન કરવો શોક. માહરા. ૧૩
(પોતાના લેલાટ તરફ આંગળી કરીને.)
આ લેલાટ વિધિએ, કોઇ ન કરશો શોક માહરા. ૧૪

પરમ પવિત્ર બાઈ વાલાબાઈને તેમના થયેલ ઉપકાર
માટે કલ્યાણદાસની અરજ અને ભલામણ.

જો જો દિપચંદ મમ મિત્ર સર્પ આ આવીઓરે. એ રાગ.

ગુણી વાલબાઇ તમે ધીરજ દેજો સર્વનેરે. ટેક.
માત માહરી ઝુરી મરશે, મહા ખેદથી વિલાપ કરશે;
ધર્મ માત સેવક છું શરણે રાખજોરે. ગુણી. ૧
ઘાડું હેત તમારૂં માતા, નહિ ગવાશે કો થકી ગાતાં;
વારંવાર વિચાર કરૂં એ ચિત્તમાંરે. ગુણી. ૨
પુત્ર ગણીને મુજને પાળ્યો, અવળે રસ્તે જાતાં ખાળ્યો;
એ ગુણ કેમ કરી હું વીસરૂં આ સમેરે. ગુણી. ૩
જ્યારે માતા તમને દેખું, પવિત્ર ગંગા દર્શન લેખું;
અમૃત વચનો હમેશ મુખથી સાંભળુંરે ગુણી. ૪
તમારી આજ્ઞા લોપી હશે મેં, બાળક બુદ્ધિ કરી હશેમેં;
કેક કર્યાં અપરાધ હશે મેં આપનારે. ગુણી. ૫
ધન્ય ધન્ય હે પુન્ય પ્રતાપી, કુટુંબનાં દુઃખ નાંખ્યાં કાપી;
ધર્મ માત તમને છે ધન્ય અતિ ઘણુંરે. ગુણી. ૬
પરમારથ બીજ વાવ્યાં ખંતે, આથી વધુ સુખ પામો અંતે;
આલોકે, પરલોક વિશેષે પામજોરે. ગુણી. ૭
નમન કરી છેવટ હું ચાહું, સર્વ કુટુંબ દીલાસો માગું;
સેવક હું કલ્યાણ હવે આ જાઉં છુંરે. ગુણી. ૮

માલની.

રહીં રહીં રહીં અંગે, હામમાંરે અતીશે,
નહીં નહીં નહીં કીધી, આપની સેવ પ્રીતે·

અતીં અતીં અતીં પામું એ થકી ખેદ અંગે,
મતિ મતિ મતિ મારી, છે મુઝાઇ ન રંગે. ૧
ઘડી ઘડી ઘડી મૂર્ત્તિ, વ્હાલી વ્હાલી ગણીને.
પડી પડી પડી આજે, દેહ તો કારમી એ,
બહુ બહુ બહુ મારૂં, ચીત્તડું આ ભમેછે;
સહુ સહુ સહુ પ્રીતિ, આ સમે બો દમેછે. ૨
મથીં મથીં મથીં જોતાં, જગત માંહી મયાળુ,
નથીં નથીં નથી બિજું, આપ જેવું દયાળુ;
પડી પડી પડી છેલ્લે, પ્રીતથી પાય લાગું,
ઘડીં ઘડીં ઘડી માતા, શુભ આશીશ માગું. ૩

ગીતી.

શીશ નમાવી માગું, ધર્મ માત કલ્યાણ ચહું મારૂં;
કરૂણા દૃષ્ટિ કરશો, પુત્ર આપ કલ્યાણ થશે સારૂં. ૧

કલ્યાણદાસની દાદાભાઈ પ્રત્યે ઉકિત.

હરિભજન વિના. એરાગ

પ્રીય દાદાભાઈ પ્રીતિ તમારી તોડીને સ્વરગે જાઉંછું.
મારૂં દાસપણું સાલસે તમને, હું યાદ આવીશ નિર્મળ મનને,
તમે માફ કરજો ભુલ હોય અમને. પ્રીય દાદાભાઈ. ૧
તમે ગુણ સાગર ગંભીર લાલા, મેં શેવા કરી નથી કાંઈબાળા;
...રી કપટ ચાલ્યો જાઉંછું વાલા. પ્રીય દાદાભાઇ. ૨
...આશ ધરી હતી બહુ ભારી, ઘણા દિવસ સેવા કરવા સારી;
...એટ ચાલ્યો હું આભારી. પ્રીય દાદાભાઈ. ૩
... સ છો નાની વયમાં, શત્રુ કંપેછે તમથી ભયમાં;

હું સ્વર્ગ પોંચીશ તમ આશીશમાં. પ્રીય દાદાભાઈ. ૪

હવે પોતાના મિત્રોને કહેછે.—

ભરથરી ભ્રાતા વિચારીને તમે કરો હું ઉપર કોપ. એ રાહ.

ગુણીયલ મિત્રો તમ સર્વેને નમું હુ વારંવાર. ટેક.

બહુ સ્નેહ થકી (૨), ભણિયા ઇંગ્લીશ સહુ સાથ;

પ્રેમ તમારો બહુ હતો, રાખ્યો'તો મુજપર હાથ. ગુણીયલ. ૧

નવ બુદ્ધિ કશી (૨), તમછો ગુણના ભંડાર;

પણ કહુ ધિરજ ધારજો, સુણજો સેવક ઉચ્ચાર. ગુણીયલ. ૨

બહુ ગુણ કર્યા (૨), હુંથી બદલા એ ન અપાયો;

સર્વ ક્ષમા કરજો તમે, જીવસ્વાર્થ મહીં લોભાયો. ગુણીયલ. ૩

નવ બોલી શકું (૨), પ્રીતિનો ભાર અથાગ;

છેવટ મળીએ આપણે, પછી થઈશ બળીને ખાખ. ગુણીયલ. ૪

(લાંબો હાથ કરી એક પછી એક મિત્રને મળેછે.)

નવ શોક કરો (૨), ધીરજને મનમાં ધારો;

માતા શિતળા કોપીયાં, કોઇ ઉપાય કાંઈ નહી તમારો. ગુણીયલ. ૫

હવે રામ રામ (૨), છેલ્લાછે મિત્રો તમને;

લખ્યું વિધાતા લેખમાં, છે દોષ કશો નહિ યમને. ગુણીયલ ૬

પોતાના પરમપ્રિય બંધુ કાળાભાઇને કહેછે.—

સૈયર દુઃખ શું દાખવું—એ રાગ.

શોક નકર કાળાભાઇ તું, થવાનું તેજ થાય;

સબંધ એટલો આપણો, જાયું તે સહુ જાય. શોક ન॰

પ્રેમ બંધન છે આ જગતમાં, મિથ્યા કરવો શું

કોઇ કોનું નવ લેખવું, આ સંસારનું લોક.

પ્રિત તારી નવ વિસરે, વિસારૂં બહુ તોય;
આમ થયું મારે ચાલતું, શોક ન કરશો કોય. શોક નકર. ૩
દોષ કર્યા હશે મેં ઘણા, માફ કરજે તું ભાઇ;
મનમાં રખે કાંઇ લાવતો, બાંધી તુજથી સગાઇ. શોક નકર. ૪
સુખ દુઃખ જન્મની સાથછે, એમાં ન હોય નવાઇ;
દીલગીર શામાટે થાયછે, ગભરાઇ ગભરાઈ. શોક નકર. ૫
ભાઇ તું શોક કરીશમાં, યાદ રાખજે વાત;
ધીરો થઇ ધીરજ દે જઈ, રૂએ માતને તાત. શોક નકર. ૬
વીસરી જશે આ વિસારતાં, છાતી કઠણ કરી,
ધીરા સો ગંભીર હોય છે, જો તું જ્ઞાન ધરી. શોક નકર. ૭
અંતર આશ ઘણી હતી, ધાર્યું જુગદીશ થાય;
ભ્રાતા સરવે તું ભૂલી જશે, મારા દોષ કે'વાય. શોક નકર. ૮
પણ તુજ પ્રતિ અખંડ છે, ભૂલ્યો હુંજ ખચીત;
જન્મ વૃથા મુજ માનુંછું, જાણી નહિ તારી પ્રીત. શોક નકર. ૯
સબંધ આજ પૂરો થયો, કરવો પરલોક વાસ;
કોઈ કોનું નથી જગતમાં, ખોટો સ્વપ્ન આભાસ. શોક નકર. ૧૦

હવે સમસ્ત પ્રત્યે—ગીતી.

શોક કોઇ નવ કરશો, મુજ મન એથી ઉદાસ અતિ થાયે;
ધીરજ અંતર ધારો, લખ્યું વિધાતા ફોકટ નવ જાયે. ૧
...ડી બૂટી નમળે, હતું શું અને ગયું કોણ એછે;
...ા એમજ ગણજો, ધાર્યું જુગદીશ તણુંજ થાએછે. ૨
...ળ બંધાઇ, કેવળ એછે મોહ જાળ જગમાં;
...ર લહેછે, જુઓ ખરેછે તારા ગણ નભમાં.

— ❀ —

શેઠ સગાળશા સાધુને સેવે—એ ઢાળ.

*રહો સહુ ધીરજ ધારીરે, ઉનડજી નામ ઉચ્ચારી. ટેક.
આળપંપાળ આ જગતને જાણો, મનમાં ન આણો દુઃખ;
હું જાઉંછું આ સબંધ તજી મન, લાવો ન દુઃખ કે સુખ. રહો. ૧
અવગુણ હુંથી અથાક થયા હશે, થયો હશે અવિવેક;
પાયે પડી સહુને કહું આ સમે, માફ કરો એકે એક. રહો. ૨
મનમાં હું સારી પેઠે સમજુંછું, ખેદ થશે માત તાત;
પણ કાળ ચક્રને કોઇ જીતે નહીં, રેરે જાતું સાક્ષાત. રહો. ૩
છતી જણસ જગમાં થકી જાતાં, જીવ બળે સહુ લોક;
પણ તે વૃથા સર્વ જાણજો ભાઇ, નમળે ભલે કરો શોક. રહો. ૪
માટે ભલાં થઇ શોક કરો નહિં, થાનાર તેજ થવાય;
મેમાન એક કલ્યાણ હતો એમ, સમજી રહો રહેવાય. રહો. ૫
(છેવટ આંગળીથી ઇસારો કરીને)
ઉનડ ઉનડ જપો મારા પ્રાણી, રામ છે રૂડું નામ;
આત્મ ઉદ્ધારણ એક વિના નથી, રામ બોલો ભાઇ રામ. રહો. ૬

ગીતી

ઉનડ ઉનડ બોલો સૌ શોક ન કરશો રામ રામ બોલો;
×જગદીશ્વર એ સાચો, હરઘડી જીભે રામ રામ —
(જીભ ટુંકી પડેછે)

પ્રથમ ભાગ સમાપ્ત.

---

*મહારાજ શ્રીઉનડજીનું પહેલુ નામ ખરી રીતે આવવું જોઇએ, પણ છેવટ આવવાનું કારણ એ કે ઉનડજી મહારાજ એ પ્રભુ સમછે ને હવે બધાની આશી માગી છે અનુક્રમ મુજબ ઇશ્વર સ્તુતિ હોય તેવી રીતે આ છેલ્મના પ્રત્યે સ્તુતિ છે.

×આ ગીતી બોલતાં છેલી ટુંકમાં રામ રામ જીભ ટુંકી પડી જાયછે.

ભાગ ૨ જો.

કલ્યાણદાસનો સ્વર્ગવાસ થવાથી તેનાં સગાં અને મિત્ર મંડળમાં પ્રસરેલ વિલાપ આ ભાગમાં આવશે.

માતપીતાદિ સગાનો સમસ્ત કળાહોળ.

અરેરે એ દુ:ખ એવુંરે, જોયું નથી બીજું એ જેવું

અથવા સગાળશાનો રાગ.

ફુટયાં આ નસીબ અમારાંરે, જીવિત આજે હવે ખારાં; ટેક
તરછોડી ચાલ્યો આમ અરે તું, આવશું તારી સંગાથ;
આમ અરે દગો પુત્ર ન દઇએ,ઘરડાંનો ઝાલીએ હાથ; ફુટયાં.૧
પાણી પોશી તને આવડો કીધો, કપટ કરી થયો દૂર;
પુત્ર મારા આંખ ઉઘાડી જોતું,આંખે આંસુડાનાં પૂર.ફુટયા. ૨
આમ વિલાપ કરે સહુ જોતાં, કેમ રહે છે ધીર;
પુત્ર નમેરા આમ ન થઇએ, થોડું બોલોને વીર. ફુટયા. ૩
જીવ કાઢી તને આપશું સર્વે, જો નહિ બોલે જરી,
હાય હાય તોપણ નવ બોલે, છાતી છે વજ્ર ખરી. ફુટયાં ૪
આમ અકારાં કરી નવ જઇએ, પૂત્ર ધરે કાંઈ લાજ;
કલ્યાણ હે તું કલ્યાણ ગયો ક્યાં, ચાલીઓ આજને આજ.ફુ. ૫

ગીતી.

રેરે પૂત્ર ગયો ક્યાં, માત પીતાને રઝળાવી આહીં;
હાય હાય શું કરીએ, નહિ મળે કલ્યાણ અરે ક્યાંહી.
...હોંશ રહી મન માંહી, પુત્ર અમારી તથા તારી સર્વે;
...વાય શું થાશે, અરે ઝેરખાઈ મરવું આજ હવે.

... જે હોંશ બતાવી છે તે એક તેનાં લગ્ન થોડાક ...નાં હતાં.

(માતૃ વિલાપ)

સૈયર દુઃખ શું દાખવું, અથવા શોક છોડોરે માતા તમે એરાહ.

પુત્ર ગયો વન એકલો, છોડી સઘળો સાથ. ટેક.

શું કરીએ સુઝતું નથી, હેઠા પડીઆછે હાથ;
પત્ર ડાળાં સૌ ખરી પડયાં, રહ્યું થડ સુકુ કાષ્ટ. પુત્ર. ૧

કુળદિપક આ બુઝાઈ ગયો, થયો તિમિરનો ભાર;
અરેરે વાલા પુત્ર આમ શું, તજી ચાલ્યો સંસાર. પુત્ર. ૨

ભાઈ આ જગતમાં શું રહ્યું, ગયુ પુત્ર રતન;
ઓ મારા પુત્ર તું બોલને, એકવાર હે તન. પુત્ર. ૩

દેહ નગર આ ઉજડ પડયું, કેમ જોવાગે એહ;
હાયહાય પુત્ર શું કરૂં, ધીક ધીક આ દેહ. પુત્ર. ૪

પુત્ર હવે કયાં મળીશ તું, રે રે દૂર જઈશ;
સંદેશો સાંજન આવશે, હાય હુંજ મરીશ. પુત્ર. ૫

કાગળ પત્ર ન આવશે, મળવાની નથી આશ;
પુત્ર મારા પુત્ર કયાં ગયો, રે રે જાય આકાશ. પુત્ર. ૬

પુત્ર મને મૂકી ચાલીયો, દયા આણીને પૂત્ર;
લાડકવાયા તું કયાં ગયો, પુત્ર મારા હે પૂત્ર. પુત્ર. ૭

કોને શરણુ મેલી ચાલીયો, પાછું વાળીને જો;
માત તારીનું શું થાયછે, હાલ બેહાલજો. પુત્ર. ૮

(એટલું કહી જમીન સાથે માથું અફાળેછે ને પછી)

ગીતી.

પેહેલાં નવ જાણ્યું મેં, કપટી પુત્ર હૃદય આવું ત
કરવું શું કયાં જાવું, લાહે થકી આ શરિર બળે

દુશ્મન થઈ તું નીવડયો, કેવળ આમ દગો નવ કરીએરે;
હાય ધડા પીટ મારી, પુત્ર પુત્રરે પુત્ર ગયોરેરે. ૨

મરઘો બોલેરે ક્રોધમાં એ દેશી.

આમ દગો નવ દીજીએ, રે પુત્ર કરીએ વિચાર. ટેક.
છોરૂ કછોરૂ તું થયો, રે દયા જાણી નવ કાંઈ. આમ. ૧
માત પિતાછે વૃદ્ધ આ, રે નવ કીધી તેં સેવ. આમ. ૨
કાંઇક વિભૂતી તું નાંખજે, રે જતો જતો કૈલાસ. આમ. ૩
બાળ્યાં પાનાં ને આ પુસ્તકો, રે લાડવાયા હે પુત્ર. આમ. ૪
મિત્રો તારા સંભારશે, રે ગુરૂ દાઝશે ચિત્ત. આમ. ૫
ભણુતો અરે આ સાથમાં, રે અતિ થયા દિલગીર. આમ. ૬
હાય વોય હવેછે તને, રે આપણુ મળશું સંગાથ. આમ. ૭
થોડા રોજમાં આવી મળું, રે ધિક્ક ધિક્ક આ જન્મ. આમ. ૮

પિતા તરફથી વિલાપ.

મરશીયો.

હાય કેમ આ સેહેશે ઉજેણી રંડાપો. એ રાહ.

હાય વોય કેમ ફાટયુ નહિ ચિત્ત મારૂં;
ફાટયું નહિં ચિત્ત મારૂં, પ્રભુ જગત લાગેછે આ ખારૂંરે. હાય. ૧
અરે ! પ્રભુ કાળો કેર તેં કીધો, પુરો સંસાર લાવ ન લીધો;
ઝેર પ્યાલો પાઈ પીધોરે. હાય. ૨
ક્યારે હું નિહાળું, પુત્ર નક્કી હું કાળજું કહાડું;

સગું સબંધી આ અકારૂંરે. હાય. ૩
છાતી ખાખ બળીને થઇછે, પ્રભુ બુરી દશા આ કરીછે.
વાડ નબળીમાં છીંડી પડીછેરે. હાય. ૪
હાય! હાય!! હવે શું કરીએ, ભાંગી હોડીથી કેમ હવે તરીએ;
કયાં જઈ હવે અમે ઠરીએરે. હાય. ૫
ધિક્ક ધિક્ક આંખો છે અમારી, પ્રભુ કરીછે રીત આ નઠારી;
માત મેલી સંતતી જાય પ્યારીરે. હાય. ૬
તારે માટે તેડાવ્યા પુંજારી, હતી હાંસ મારે મન ભારી;
લાગી દેહ તને શું અકારીરે. હાય. ૭

વૈશ્ણુવ ભકતોમાં એવી રસમ છે કે મરણાંત સમયે ગીતાદિ પવિત્ર ગ્રંથ સાંભળવાથી વૈકુંઠની પ્રાપ્તી થાય છે. આવા હેતુથી બાવાજી વ્યંકટદાશજીએ જઇને પુજારીજી દ્વારકાંદાસજીને તેડી લાવ્યા પણ આવીને જોયું તો પ્રાણ કંઠે આવી ગયો હતો જે પરથી વ્યંકટદાસજીનો વિલાપ—ઉંચે આકાશ તરફ મોઢું કરીને અને બે હાથ ધરીને.—

માલીની.

દુઃખ મયી દુનિઆ આ, ઈશ્વરા તેં રચીછે,
મરણ દુખીત જોતાં, કાળજી આ ખસીછે,
મન હતું મળવાને, અંગ આરોગ્ય જોવા,
અરર ઉલટું આતો, કુલ કલ્યાણ રોવા. ૧
બહુ બહુ જશ લેવા, દોડી આવ્યા ઉમંગે.

સહુ સહુ જનને છે, શોકનો ભાર અંગે;
દિલગીરી અતિ દેખું, ખાવું પીવું ન સુઝે,
અરર અરર કેમે, શોક અગ્નિ ન બુઝે. ૨

ગીતી.

શોક અગ્નિ નવ બુઝે, આંખ થકી વ્હેતાં આંજળ દેખું;
દિવેલ સિચિત કરતાં, દિપક નાશ આ થયો દુઃખ લેખું ૧

હવે પૂજારીજી આ સંસાર અસાર છે એમ સર્વને ઉપદેશ કરેછે.

શાર્દુલવિક્રિડીત છંદ.

માતા તાત ભગીનિ ભ્રાત, સુખમાં કે દુઃખમાં જોઇને,
જ્ઞાની લોક કદાપિ સૂખ દુઃખમાં રાચે નરે રોઇને;
કોઈ માસ છ માસ કોઈ વરસે પચીસ પચાસમાં,
કોઈ કોજનનું સગુ નથી અહીં શું સાર સંસારમાં. ૧
જાયું તે સઘળું સદાય જગથી, જો જો જનો જાયછે,
માટે માન વીનાના માન મતીઆ, માટી સહુ થાયછે;
સાથે પુન્ય પ્રતાપ જાપ પ્રભુનો; જીવાત્મ ઉદ્ધારછે,
કોઈ કો જનનું સગું નથી અહીં શું સાર સંસારમાં.

સમાપ્ત.